# :: હંગામી જાહેરનામું ::

ધી ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી)(સી), અન્વયે કાઢેલ હુકમ
ક્રમાંકઃટફક/SMC/અર્ચના ઓવરબ્રીજ રી-કાર્પેટ/૫૫૯૬/૨૦૨૪

પોલીસ કમિશનરની કચેરી,
સુરત શહેર.
તા.૩૧/૦૫/૨૦૨૪

સુરત શહેર વિસ્તારમાં આવેલ બોમ્બે માર્કેટથી સીતાનગર તરફ જતા અર્ચના ઓવરબ્રીજ ઉપર સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડ ડેવલપમેન્ટ વિભાગ દ્વારા રી-કાર્પેટ કરવાની કામગીરી હાથ ધરવાના હોય જે અન્વયે અરજદાર કાર્યપાલક ઇજનેરશ્રી, રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા નાઓ દ્વારા સદર કામગીરી માટે આગામી તા.૦૧/૦૬/૨૦૨૪ નાં રોજ રાત્રીનાં ક.૨૩/૦૦ થી તા.૦૨/૦૬/૨૦૨૪ નાં રોજ બપોરનાં ક.૧૨/૦૦ વાગ્યા સુધી બોમ્બે માર્કેટથી સીતાનગર તરફ જતા અર્ચના ઓવરબ્રીજ ઉપર તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવા માટે જાહેરનામા પ્રસિદ્ધ કરવા સારૂ અરજી કરવામાં આવેલ છે. જે અરજી અંગે મ.પો.કમિ.શ્રી, રીજીયન-૧, ટ્રાફિક શાખા નાઓ દ્વારા જાહેરનામા પ્રસિદ્ધ કરવા સારૂ હકારાત્મક અભિપ્રાય આપવામાં આવેલ છે. જે ધ્યાને લઇ બોમ્બે માર્કેટથી સીતાનગર તરફ જતા અર્ચના ઓવરબ્રીજ ઉપર તા.૦૧/૦૬/૨૦૨૪ નાં રોજ રાત્રીનાં ક.૨૩/૦૦ થી તા.૦૨/૦૬/૨૦૨૪ નાં રોજ બપોરનાં ક.૧૨/૦૦ વાગ્યા સુધી તમામ પ્રકારનાં વાહન-વ્યવહાર પર પ્રતિબંધ મુકવો જન હિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશ્નર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી)(સી) અને ગુજરાત મોટર વાહન નિયમો-૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના બોમ્બે માર્કેટથી સીતાનગર તરફ જતા અર્ચના ઓવરબ્રીજ ઉપર સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડ ડેવલપમેન્ટ વિભાગ દ્વારા રી-કાર્પેટની કામગીરી કરવાની હોવાથી તા.૦૧/૦૬/૨૦૨૪ ના રોજ રાત્રીના ક.૨૩/૦૦ થી તા.૦૨/૦૬/૨૦૨૪ ના રોજ બપોરના ક.૧૨/૦૦ વાગ્યા સુધી તમામ પ્રકારનાં વાહન-વ્યવહાર પર પ્રતિબંધ ફરમાવું છું.

# ::વૈકલ્પિક રૂટ::

(૧) બોમ્બે માર્કેટ સ્વામીનારાયણ મંદિર, કરંજ તરફથી સીતાનગર જતા ટુ-વ્હિલર તથા ફોર-વ્હિલર વાહનો બ્રિજની બાજુમાંથી જીવનદિપ મેડિકલ સ્ટોર પાસેથી ડાબી બાજુ બ્રિજ નીચે થઇ સીતાનગર તરફ જઇ શકશે.

(૨) કુબેરના પોપડા માંથી ઉપડતી તમામ લકઝરી બસો રેણુકાભવનથી જમણી બાજુ વળી જુની બોમ્બે માર્કેટ થઇ ન્યું બોમ્બે માર્કેટ (શ્રીછત્રપતિ શિવાજી મહારાજ) સર્કલથી ડાબી બાજુ વળી સરદાર માર્કેટથી પર્વત પાટીયાથી કેનાલ રોડથી કામરેજ તરફ જઇ શકશે.

(3) જુની બોમ્બે માર્કેટ તરફથી સીતાનગર તરફ જતી તમામ લકઝરી બસો તથા હેવી વાહનો જુની બોમ્બે માર્કેટથી સીધા ન્યું બોમ્બે માર્કેટ (શ્રીછત્રપતિ શિવાજી મહારાજ) સર્કલથી ડાબી બાજુ વળી સરદાર માર્કેટથી પર્વત પાટીયાથી કેનાલ રોડથી કામરેજ તરફ જઇ શકશે.

નોંધ:- સદર રી-કાર્પેટની કામગીરી દરમ્યાન નીચે મુજબના વાહનોનો ઉપયોગ કરવામાં આવનાર છે.

| અ.નં. | વાહન નંબર | અ.નં. | વાહન નંબર |
|---|---|---|---|
| ૦૧ | GJ-21-QQ-1063 | ૦૭ | GJ-21-V-7687 |
| ૦૨ | GJ-21-M-4288 | ૦૮ | GJ-17-BA-6918 |
| ૦૩ | GJ-21-M-1869 | ૦૯ | GJ-21-QQ-5969 |
| ૦૪ | GJ-17-AH-1554 | ૧૦ | GJ-21-QQ-9669 |
| ૦૫ | GJ-21-V-3762 | ૧૧ | GJ-21-V-4338 |
| ૦૬ | GJ-21-T-6869 | ૧૨ | RJ-27-RO-0480 |

આ જાહેરનામાનો અમલ તા.૦૧/૦૬/૨૦૨૪ ના રોજ રાત્રીના ક.૨૩/૦૦ થી તા.૦૨/૦૬/૨૦૨૪ ના રોજ બપોરના ક.૧૨/૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાનાં આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૩૧/૦૫/૨૦૨૪ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧, સુરત શહેર.

(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.

(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

પોલીસ કમિશ્નર
સત્યમેવ જયતે
સુરત શહેર, સુરત.

<u>સવિનય નકલ રવાના :-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)

(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)